# જિલ્લાકક્ષાના ૧૧મા ખેલમહાકુંભ સ્પર્ધાનો સમાપન કાર્યક્રમ યોજાયો



રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા જિલ્લા વહીવટી તંત્ર સાબરકાંઠા દ્વારા આયોજીત ૧૧મો ખેલમહાકુંભ અંતર્ગત સીધી જિલ્લાકક્ષા રમતોત્સવ સમાપન કાર્યક્રમ સાબર સ્ટેડિયમ ભોલેશ્વર હિંમતનગર ખાતે યોજાયો હતો. આ કાર્યકર્મમાં મુખ્ય મહેમાન તરીકે હિંમતનગર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, ખેલમહાકુંભ જિલ્લા કક્ષા અમલીકરણ સમિતિના અધ્યક્ષ કલેક્ટરશ્રી હિતેષ કોયા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ પટેલ, સિનિયર કોચ શ્રી પૂનમ ફુમકીયા, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી શ્રીમતી હર્ષાબેન ઠાકોર તેમજ ૩૫૦ જેટલા ખેલાડીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પ્રાંતિજ કોલેજ ખાતે ત્રિદિવસીય સંગીત શિબિરનું આયોજન



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ત્રિદિવસીય સંગીત શિબિર નુ આયોજન કરવામા આવ્યુ પ્રાંતિજ કમાલપુર કોલેજ ખાતે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ અને શ્રીમતી મંગળાબેન ચુનીલાલ દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ ના સંયુક્ત ઉપક્રમે ૨૫,૨૬,૨૭ ત્રિદિવસીય સંગીત શિબિર નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા વિવિધ કોલેજ ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ સંગીત શિબિર મા ભાગ લીધો હતો તો આ સંગીત શિબિર નો મુખ્ય આશ્રય એ છેકે વિધાર્થીઓ મા રહેલ સંગીત આવા કાર્યક્રમો થતી બહાર આવે છે અને તેવો ને આવા કાર્યક્રમો થતી વધુ માર્ગદર્શન મળી રહે અને તેવો સંગીત ક્ષેત્રે આગળ વધે તે હેતુ થી કોલેજ ખાતે ત્રિદિવસીય સંગીત શિબિર નુ આયોજન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, લલિતભાઈ દવે , અકુભાઈ ચોકસી , કોલેજ ના પ્રિન્સીપાલ કામેશ્વર પ્રસાદ, નિરંજન શર્મા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તો આ કાર્યક્રમ ના સંયોજક રાજેન્દ્રભાઈ પંચાલ ,રાજેન્દ્રભાઈ ઓઝા વિવિધ કોલેજ ના અધ્યાપકો વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ડીસાના કંસારી નજીકથી જીવદયા પ્રેમીઓએ પાડા અને ભેંસ ભરેલા બે જીપડાલા ઝડપી પાડયા

ડીસા તાલુકાના કંસારી નજીક મળેલ બાતમી આધારે જીવદયા પ્રેમીઓએ કતલખાને લઈ જવાતા બે જીપડાલામાં ક્રૂરતા પૂર્વક ભરેલા પાડા અને ભેસો મળી કુલ છ જેટલા જીવોને બચાવી લઈ આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવી હતી. આ અગેની પોલીસ ફરિયાદ અનુસાર શનિવારે વહેલી સવારે ડીસાના જીવદયા પ્રેમી હિમાલયભાઈ રમેશભાઈ માલોસણીયા, મનીશભાઈ નારણાજી જાટ ,સુરેશભાઈ



હરદાભાઈ ચૌધરી અને દીનેશકુમાર નટવરભાઈ ભાટી પાંથાવાડા તરફ જતા હતા. તે દરમિયાન બાતમી મળેલ કે કંસારી નજીક સર્વોત્તમ હોટલ નજીક જીપડાલામાં પાડા ભરી કતલખાને લઈ જવામાં આવી રહ્યાં છે.બાતમી મળતા આ તમામ જીવદયા પ્રેમીઓ કંસારી ખાતે દોડી આવ્યા હતા અને બે જીપડાલા પૈકી (નંબર જી જે ૧૮ એ ટી ૦ ૬૪૮) અને બીજું (નંબર જી જે ૦૮ ઝેડ ૦૦૨૩) માં ક્રૂરતા પૂર્વક ચાર જેટલા પાડા અને એક પાડી અને બે ભેસો મળી કુલ સાત જીવો ભરેલા હતા તેમજ તેમાં ઘાસચારા અને પીવાના પાણીની પણ કોઈ જ વ્યવસ્થા કરેલી ન હતી. જેથી આ જીવદયા પ્રેમીઓએ બન્ને જીપડાલાના ચાલક ઈરફાન આલમભાઈ મુસલા તથા પરવેઝ સરીફભાઈ શેખ (બન્ને રહે .ધાનેરા) વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે બન્ને આરોપી સામે પશુ ક્રૂરતા અધિનિયમન એક્ટ હેઠળ ગુનો નોંધી બનેની અટકાયત કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણીનો કકળાટ



પાલનપુર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણીની પારાયણ ઉભી થવા પામી છે .જેમાં કેટલાક વિસ્તારોમાં એકાંતરે અપાતા પાણીમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો આપવામાં ન આવતા લોકોને વીજળીના ભોગે ઈલેક્ટ્રીક મોટરથી પાણી ખેંચવાની ફરજ પડી રહી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,તો બીજી બાજુ બોર ઓપરેટરની લાપરવાહી ના કારણે ગણેશપુરા વિસ્તારમાં વારંવાર પાણી ની ટાંકી ઉભરાઈ જતી હોય અહીંયા હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો હોય લોકોમાં રોષની લાગણી છવાઈ છે.પાલનપુર શહેરમાં ધરોઈ જૂથ યોજના અને બોટવેલ મારફતે પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે પરંતુ નગરપાલિકાના પાણી પુરવઠા તંત્રની ઘોર લાપરવાહીના કારણે શહેરના અનેક વિસ્તારો પીવાના પાણીની તંગી વેઠી રહ્યાં છે. જેમાં હાલ ઉનાળા ના પ્રારંભે જ શહેરના મોટાભાગ ના વિસ્તારોમાં પાણીની પારાયણ ઉભી થવા પામી છે જેમાં સંપ અને ટાંકા માંથી નહિવત માત્રામાં પાણીનો જથ્થો છોડવામાં આવતા લોકોના ઘર સુધી પાણી ન પહોંચતા લોકોને પાણી મેળવવા ના છૂટકે મોઘીડાટ વીજળીના ભોગે ઈલેક્ટ્રીક મોટરોથી પાણી ખેંચવાની ફરજ પડી રહી છે ત્યારે નગરપાલિકા દ્વારા ઉનાળાની સીઝનમાં લોકોને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે અને ગણેશપુરા વિસ્તારમાં ટાંકી ઉભરાવાનાં કારણે થતો પાણી નો વેડફાટ અટકાવવા માં આવે તે જરૂરી છે.




બનાસડેરીમાં નવનિર્મિત આધુનિક અને અદ્યતન ફૂડ ટેસ્ટિંગ લેબ (પેથોજિન) નું આજે ચેરમેનશંકરભાઈ ચૌધરી દ્વારા નિયામક મંડળની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

# અરવલ્લીમાં જિલ્લાકક્ષાની સ્પર્ધાઓના ખેલ મહાકુંભનો સમાપન કાર્યક્રમ યોજાયો

બાયડ તા.૨૬

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર, અરવલ્લી તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અરવલ્લીના ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ખેલ મહાકુંભ ૨૦૨૧-૨૨નો સમાપમ કાર્યક્રમ જિલ્લા સમાહર્તા શ્રી ડૉ.નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં યોજાયો હતો.



મોડાસાની શ્રી જે.બી.શાહ સ્કુલ, ખાતે યોજાયેલા સમાપન કાર્યક્રમમાં રમતવીરોને પ્રોત્સહિત કરતા જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે, અરવલ્લી જિલ્લામાં સ્પોર્ટ્સ સંકુલ બનાવવા માટે ૨૦ એકર જમીનની ફાળવણી સરકાર ધ્વારા કરવામાં આવી છે. જેથી અરવલ્લી જિલ્લાની રમતગમતની પ્રવૃતિઓને વધુ વેગ મળશે. જિલ્લા કક્ષા ટેબલ ટેનિસ સ્પર્ધા અને ખેલ મહાકુંભના સમાપન પ્રસંગે મોડાસા તાલુકા પંચાયત પ્રમખશ્રી બિપીનભાઇ પટેલ, મોડાસા નગર પાલિકા ઉપપ્રમુખશ્રી આર.સી.મહેતા સિનિયર કોચશ્રી મઝહર સુથાર, અરવલ્લી પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી રાકેશભાઇ એસ. પટેલ, બિજલબેન ડી. પટેલ શાળાના અચાર્યશ્રી તથા મોટી સંખ્યા ખેલાડીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૩૭મો વાર્ષિકોત્સવ ઉજવાયો હતો

**મુખ્ય વક્તા તરીકે પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા**

ધનસુરા, તા, ૨૬

ધી ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી ધનસુરા પીપલ્સ કો.ઓ.બેક.લિ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે ૩૭ મો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ, રંગોત્સવ અને વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ અને ઉદઘાટક તરીકે ગુજરાત પ્રદેશ ભાજપ ના મંત્રી જયશ્રીબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ માં પ્રાર્થના સાથે મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું આમંત્રિત મહેમાનો નું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું સાથે કોલેજ મેગેઝીન સમન્વયનું વિમોચન નિવૃત્ત કર્મચારી વિદાય તથા સન્માન અને તેજસ્વી તારલાઓનું સન્માન અને પારિતોષિક વિતરણ કરવામાં આવ્યું હતું સાથે રંગોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં અધ્યક્ષ જે.સી.શાહ, મુખ્ય વકતા પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ,સાથે ગુજરાત ભાજપ ના પ્રદેશ મંત્રી જયશ્રીબેન દેસાઈ અને મુખ્ય મહેમાન તરીકે કોલેજ ના ટ્રસ્ટી અને પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહજી પરમાર અને



કોલેજ સંચાલક મંડળ ના ટ્રસ્ટી રાજેન્દ્ર ભાઈ મહેતા, ઉપપ્રમુખ કાન્તિભાઈ પટેલ, ઉપપ્રમુખ ગોપાલભાઈ ઠેકડી, ઉપપ્રમુખ સુરેશભાઈ ગજ્જર, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ ઉપપ્રમુખ રજનીકાંત શાહ,મંત્રી અને શામળાજી મંદિર ના સેક્રેટરી અનિલભાઈ.એસ.પટેલ મંત્રી અતુલભાઈ બ્રહ્મભટ્ટ, અનિલકુમાર શાહ, વિઠ્ઠલભાઈ પટેલ, ગીરીશભાઈ શાહ, ખજાનચી કિરીટભાઈ શાહ, આંતરિક ઓડિટર અરવિંદભાઈ શાહ કોલેજ ના પ્રિન્સિપાલ ડો.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. સાથે કોર કમિટી ના સી.આર.પટેલ,પી.એસ.સોની,બી.ડી. ગાંવિત,જી.જે.પટેલ,એસ.જે.મહેતા, ડી.જી.નિમાવત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પરિવાર અને સંચાલક મંડળ ધનસુરા ના હોદ્દેદારો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા પ્રિન્સિપાલ ડો.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ એ સૌનો આભાર માન્યો હતો.

# વિકાસના બાકી રહેલા કામો ઝડપથી પૂર્ણ કરી રિપોર્ટ કરવા તાકીદ કરતા પ્રભારી મંત્રી ડીંડોર

**સાબરકાંઠા જિલ્લા આયોજન મંડળની બેઠક જિલ્લા પ્રભારી મંત્રી ડો. કુબેરભાઈ ડીડોરની અધ્યક્ષતામાં યોજાઇ**

બાયડ તા.૨૬

સાબરકાંઠા જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા પ્રભારીમંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીડોરની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન મંડળની બેઠક મળી હતી. જેમાં ગત બેઠકમાં કરેલી કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ ૫ ટકા પ્રોત્સાહક નગરપાલિકા તથા જિલ્લા કક્ષાએ જોગવાઈ વર્ષ ૨૦૨૨-૨૩ નું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું. બક્ષીપંચનું આયોજન અને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની વિવિધ યોજના હેઠળ ચાલતા કામોની પ્રગતિ અને સિદ્ધિ અંગે બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે પરંતુ નાણાકીય વર્ષના બાકી રહેલા કામો સત્વરે ઝડપથી પૂર્ણ કરીને જિલ્લા કલેકટરશ્રીને રિપોર્ટ કરવા અમલીકરણ અધિકારીઓને સૂચના આપી હતી અને સ્થળ ફેરફાર તેમજ કામો બદલાવ અને થાય તો જરૂરી સુધારા-વધારા કરીને પદાધિકારીઓને ધ્યાને મૂકીને સત્વરે કામ કરવા જણાવ્યું હતું અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબનો ખર્ચ અને ગુણવત્તાસભર કામ કરવા ઉપર ભાર મુક્યો હતો. એકના એક કામો બેવડાય નહીં તે જોવા તકેદારી રાખવા જણાવ્યું હતું અને કામ પૂર્ણ થયે જીઓ ટેગીંગ કરીને ફોટોગ્રાફ પાડી પૂર્ણ કામો જાહેર કરવા પર ભાર મૂક્યો હતો.




સાબરકાંઠા જિલ્લાની આયોજન મંડળની બેઠકમાં વિકેન્દ્રીત જિલ્લા આયોજનની જુદી-જુદી જોગવાઇ હેઠળ કુલ રૂ.૧૦૨૪.૯૦ લાખનું ૭૮૦ કામોનું, ૫% પ્રોત્સાહક જોગવાઈ હેઠળ રૂ.૩૫.૦૦ લાખનું ૨૧ કામોનું અને નગરપાલિકા જોગવાઈ હેઠળ ૧૫૫.૦૪ લાખનું ૨૫ કામોનું વર્ષ :- ૨૦૨૨-૨૩ નું આયોજન મંજુર કરવામાં આવ્યુ. તથા માન. પ્રભારીમંત્રીશ્રી ધ્વારા ગત વર્ષના પ્રગતિ હેઠળના કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે સમીક્ષા કરી.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ધીરજભાઈ પટેલ, હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, હિંમતનગર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી વિનુભાઈ પટેલ તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તથા નગરપાલિકાના પ્રમુખશ્રીઓ જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપેન શાહ, જીલ્લા આયોજન અધિકારીશ્રી તથા જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેલ મહાકુંભમાં સનરાઈઝ ઈન્ટરનેશલ સ્કૂલના બાળકોનો દબદબો, દોડમાં દોટ લગાવી



મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં હાલ ખેલ મહાકુંભની ધમાકેદાર મેચ જોવા મળી રહી છે, આ વચ્ચે બાળકોની પ્રતિભાઓ અલગ અલગ રમતોમાં જોવા મળે છે. ખેલમહાકુંભમાં સનરાઈઝ ઈન્ટરનેશલ સ્કૂલના બાળકોએ દોડમાં બાજી મારી છે. તાલુકા કક્ષાએ યોજાયેલી ૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી., અને ૮૦૦ મી. ની દોડમાં વિદ્યાર્થીઓ ઝળક્યા છે.

ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાના દોડવીરો

૧૦૦ મી.દોડ – ખાંટ મહિમા પ્રવિણસિંહ – દ્વિતીય

૨૦૦ મી. દોડ – મસાર કૈલાસબેન હીરાભાઈ – ત્રીજો

૪૦૦ મી. દોડ – પટેલ ક્રિષ્નાબેન ભાવેશભાઈ – પ્રથમ

૮૦૦ મી. – પટેલ પ્રિયંકાબેન કાળુભાઈ – દ્વિતીય

આ સાથે જ ખો-ખો ની રતમાં તાલુકા કક્ષાએ યોજાયેલી રમતમાં સનરાઈઝ સ્કૂલના બાળકોએ પ્રથમ સ્થાન મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. વિજેતા થયેલી ટીમ અને રમતવીરોને શાળા પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

## જન્મદિને વધામણી



ઉષાબેન ચંદ્રેશભાઇ પટેલ
ગ્રંથપાલ, ઉજ્લેસ્વર હાઇસ્કુલ
દેવભૂમિ રેસિડેન્સી
બાયડ જીલ્લો અરવલ્લી



ગીરીશભાઇ વિઠ્ઠલભાઇ પટેલ
બાયડ ગામ હાલ ગાંધીનગર



ચેતનભાઇ પી. શાહ
સલાલ હાલ હિંમતનગર



ઉત્તમભાઈ પટેલ
પહાડપુર તા.મોડાસા



કુમુદબેન વિક્રમભાઈ પટેલ
બાયડ ગામ હાલ દહેગામ

**તાલુકાના ઈતિહાસની સૌથી મોટી તસ્કરી**

# બાયડ તાલુકાના ડેમાઈમાં ઝવેરીની દુકાનમાંથી ૪૭ લાખના સોના-ચાંદીના ઘરેણા ચોરાયા

**તસ્કર ગેંગ સીસી ટીવી કેમેરામાં કેદ, પોલીસે ઝવેરી પાસે દાગીનાના બીલ માગતાં ફરિયાદ ઘોંચમાં..!!**







બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ તાલુકાના ડેમાઈ ગામની પોલીસ ચોકીથી ૧૦૦ડગલાં દૂર આવેલ ઝવેરીની દુકાનમાં ત્રાટકેલા તસ્કરો સોનાચાંદીના ઘરેણાં અને ? ૯૦ હજારની રોકડ સહિત અંદાજીત રૂ ૪૭ લાખનો મુદામાલ ચોરી નાસી જતાં સમગ્ર તાલુકામાં સનસનાટી મચી છે. બાયડ તાલુકાના ઈતિહાસની ઝવેરીની દુકાનની સૌથી મોટી તસ્કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તસ્કરીનો આંક ઉંચો જતો હોવાથી ઝવેરી પાસેથી સોના-ચાંદી ખરીદ્યાના બીલ માંગતાં બનાવના ૧૨ કલાક પછી પણ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં કાળઝાળ ઉનાળામાં તસ્કરી વધુ બેખોફ બની રહ્યા છે. નાની-મોટી તસ્કરીના બનાવો પોલીસ દફતરે નોંધાય છે પરંતુ ગંભીરતા દાખવવામાં આવતી નથી. ગત રોજ રાત્રે તાલુકાના ડેમાઈ ગામની જય ચામુંડા ક્વેલર્સ ઝવેરીની દુકાનમાં ત્રાટકેલા તસ્કરોએ સોનાની વિટીઓ, દોરા, બુટ્ટી તેમજ ચાંદીના વિવિધ દાગીના તેમજ ૯૦ હજારની રોકડ મળી અંદાજીત રૂ ૪૭ લાખની મત્તાની તસ્કરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે ક્વેલર્સની દુકાન ખુલ્લી જોતાં પડોશીઓ ચોંક્યા હતા અને દુકાન માલિકને જાણ કરતાં પાછળ રહેતો પાટડીયા પરિવાર દોડી આવ્યો હતો અને તસ્કરોના આતંકથી પડી ભાંગ્યો હતો. બનાવની જાણ કર્યાના ૩ કલાક સુધી બાયડ પોલીસ બનાવ સ્થળે પહોંચી ન હતી જેથી પોલીસની નિષ્ક્રિયતા સામે પણ સ્થાનિક વેપારીઓમાં અને પાટડીયા પરિવારમાં રોષ જોવા મળ્યો.

### પોલીસ બીલ માગે છે હું ક્યાંથી લાવું - ઝવેરી

જય ચામુંડા ક્વેલર્સના માલિક તેજસ અશ્વિનભાઈ પાટડીયાએ જણાવ્યું કે તસ્કરો ૭૫૩ ગ્રામ સોનું અને ૧૭ કીલો ચાંદીના ઘરેણા તેમજ રુ ૯૦ હજારની રોકડ ચોરી ગયા છે અને અંદાજીત ૪૭ લાખની તસ્કરી થઈ છે પરંતુ પોલીસ માનવા તૈયાર નથી. તસ્કરોએ જે ઉઠાવ્યું તે સીસી ટીવી કેમેરામાં કેદ છે પરંતુ બાયડ પોલીસ ખરીદીના બીલ રજૂ કરો પછી જ પોલીસ ફરિયાદ નોંધીએ તેવી હઠ લઈને બેસતાં પરિવાર મૂંઝવણમાં મૂકાયો છે. દોઢ વર્ષ અગાઉ ઝવેરીનું મોત નિપજ્યું હતું અને પાછલા વર્ષોનું ખરીદેલું સોનું પણ દુકાનમાં હોવાથી તેનાં બીલ મેળવવામાં મુશ્કેલ છે.

### તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ, પોલીસ માટે ભેદ ઉકેલવો આસાન..

બાયડ પોલીસ ભૂતકાળમાં પણ સીસી ટીવી કેમેરામાં કેદ થયેલા તસ્કરોને શોધી શકી નથી ત્યારે ગત રોજ ડેમાઈના ઝવેરીના ત્યાં ત્રાટકેલા તસ્કરો લાખો રૂપિયાના સોના-ચાંદીના ઘરેણા અને રોકડ રકમ ઉઠાવી ગયા છે પરંતુ સીસી ટીવી કેમેરામાં તસ્કર ટોળકી કેદ થતાં પોલીસ માટે ભેદ ઉકેલવો આસાન બન્યો છે.